
# અંતઃવસ્ત્ર : ઉતારવાં ગમે, તો પહેરાવવાં પણ જોઈએ



"મૂરખો છે! આવા બાયલાવેડા ના કરીશ. અમે તારી સાથે નહીં આવીએ ને હું તને આવું બધું લેવા માટે જવા પણ નહીં દઉં." નિશીથનો દોસ્ત પરાગ જોર-જોરથી બૂમો પાડી રહ્યો હતો. સામે બેઠેલો નિશીથ આરામથી પોતાના ગ્લાસમાંથી વ્હિસ્કી સિપ કરી રહ્યો હતો. નિશીથના ચહેરા પર એક વિચિત્ર પ્રકારનું સ્માઇલ હતું. પોતાની સામે આશ્ચર્યમિશ્રિત આઘાતથી જોઈ રહેલા એના ત્રણેય દોસ્તોને એ નિરાંતે નિહાળી રહ્યો હતો. પરાગની સાથોસાથ નિશીથના બીજા બે મિત્રો ઉજ્જ્વલ અને મનીષની આંખોમાં પણ આઘાત હતો.

"હવે ભઈ… અમારેય બૈરાં છે, પણ અમે આવા ગાંડા નથી કાઢતા. સ્ટુપિડ જેવું લાગે. શું કહીશ ત્યાં જઈને?"

"શું એટલે?" નિશીથે ખભા ઉલાળીને સાવ સ્વાભાવિકતાથી કહ્યું, "પ્રિયાની સાઇઝ કહીશ, વરાઇટી જોઈશ… મને જે ગમશે તે…"

"ગધેડા જેવી વાત નહીં કર." પરાગે ફરીથી ઉશ્કેરાટ સાથે કહ્યું, "આમ ઊંચી કરીને બ્રા જોઈશ એમ? ત્યાં એકલાં બૈરાં હશે. હાવ બાયા જેવો લાગીશ…"

"જો યાર, સમજવાનો ટ્રાય કર…" ઉજ્જ્વલે જરા મૃદુતાથી સમજાવવાનો પ્રયત્ન કર્યો, "એવું સારું ન લાગે."

"કોને?" નિશીથે પૂછ્યું.

"અરે યાર!" મનીષે કંટાળાથી કહ્યું, "આ નહીં સમજે. કોણ જાણે બૈરાના અંદરનાં કપડાં હાથમાં પકડીને એને કો'ક જાતની મજા આવતી હશે." નિશીથ સિવાયના ત્રણેય ભાઈબંધો ખડખડાટ હસી પડ્યા.

"એના કરતાં એ કપડાં ઉતારીને અંદરનું જે હાથમાં લેવાનું છે એ…" પરાગે ગંદી મજાક કરી. એ લોકો ત્રણેય જણા ફરી હસ્યા, પણ નિશીથ નહીં.

"આપણને પત્નીનાં કપડાં ઉતારવાનું તો સારું લાગે છે, પણ એને માટે કંઈ ખરીદવાનું હોય તો શરમ આવે?" નિશીથે ગંભીર રહીને પૂછ્યું. "પત્ની આપણાં અન્ડરવેઅર લાવે તો આપણે ગર્વથી કહી શકીએ કે, હું તો મારાં અન્ડરવેઅર પણ જાતે નથી ખરીદતો, પણ પત્નીનાં અંદરનાં કપડાં ખરીદવા જતાં આપણને આપણું 'પુરુષત્વ' નડી જાય?" એના ત્રણેય મિત્રો સાંભળી રહ્યા. હવે એમની પાસે જવાબ નહોતો, "જો પરાગ, એક સાચી વાત કહું? પ્રિયા અને મારી વચ્ચે કોઈ પરદો નથી. અમે એવું માનીએ છીએ કે બંનેમાંથી કોઈપણ કામ, કોઈપણ કરી શકે ને મને સહેજ પણ શરમ નહીં આવે. મારી પત્નીએ મને એકલો બૅન્ગકૉક આવવા દીધો છે, સહેજ પણ કકળાટ કર્યા વિના... એ ઓછું છે?"

આટલું સાંભળીને બાકીના ત્રણેય મિત્રોનાં મોઢાં વિલાઈ ગયાં. છેક નીકળતાં સુધી ઘરમાં ચાલેલા ઝઘડા અને કકળાટ ત્રણેય જણાને યાદ આવી ગયા. પરાગ, મનીષ અને ઉજ્જ્વલ ત્રણમાંથી કોઈ, હવે કશું બોલી શકે એવી સ્થિતિમાં નહોતા. ત્રણેયની પત્નીઓએ 'બૅન્ગકૉક' શબ્દ સાંભળતાં જ જાતજાતની અને ભાતભાતની વિકૃત કલ્પનાઓ કરી હતી એ બધી જ પત્નીઓએ અધકચરી માહિતી સાથે અસલામતી અનુભવીને જે પ્રકારની ભાષા અને શબ્દોનો પ્રયોગ કર્યો હતો એ બધું જ સાચા અર્થમાં અસહ્ય હતું, તેમ છતાં આ ચારેય મિત્રો પોતાની મિત્રતાનાં દસ વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે 'એકલા' બૅન્ગકૉક આવ્યા હતા. નિશીથ સિવાયના ત્રણેય જણા તો ઊતર્યા એ પળથી 'મસાજ પાર્લર' અને 'ચિન્કીઓ' શોધતા થઈ ગયા હતા. નિશીથને પેગોડાઝમાં અને બીજાં ઐતિહાસિક કે કલાનાં સ્થળોમાં રસ હતો... બધા એની મજાક ઉડાવતા રહ્યા, પણ નિશીથે એવું કશું જ ન કર્યું, જે એના મિત્રોના હિસાબે 'પુરુષત્વ' પુરવાર કરે એવી પ્રવૃત્તિ હતી. પછી શૉપિંગની વાત આવી, ત્યારે નિશીથે પોતાની પત્ની પ્રિયાનાં અંતઃવસ્ત્રો ખરીદવા માટે ગૂગલ પર સારી દુકાનો સર્ચ કરવા માંડી... આ બધી ચર્ચા ત્યાંથી શરૂ થઈ!

આપણા સમાજમાં પત્ની પોતાના પતિનાં અંતઃવસ્ત્રો ખરીદે એ વિશે કોઈ સમસ્યા હોતી નથી. બલકે, એને એક ગૌરવ અથવા 'પતિપણાના મેડલ' તરીકે જોવામાં આવે છે. પુરુષ ગર્વથી કહે છે, "મારા તો રૂમાલ અને અંડી પણ પત્ની ખરીદે છે. મને કંઈ ખબર હોતી જ નથી." સાથે એવી મજાક પણ થતી હોય છે કે "એણે ઉતારવાનાં એટલે એ જ લાવે એ બેટર..." પરંતુ, આ જ બાબત

સ્ત્રી વિશે કહેવાતી નથી, સ્વીકારાતી નથી એટલું ઓછું હોય એમ અંતઃવસ્ત્રો ધોઈને બહાર સુકવાય કે રૂમમાં આમતેમ રખડતાં હોય તો એ વિશે તરત જ પતિની કે સાસુની, માની કે બીજાની ચીડ સ્વાભાવિકતાથી વ્યક્ત થઈ જાય છે. પોતાના અંતઃવસ્ત્ર ગોપિત રાખવાં, સંતાડીને રાખવાં, જાહેરમાં ન સૂકવવાં એવું શિક્ષણ દીકરીને સાવ બાળપણથી અપાય છે. હવે તો સહેજ જમાનો બદલાયો છે અને યુવાન છોકરીઓ રંગીન અંતઃવસ્ત્રો દેખાય એવી રીતે પહેરતી થઈ છે, પરંતુ આજથી થોડા સમય પહેલાં 'બ્રાની પટ્ટી' દેખાય તો એ વિશે સ્ત્રી પણ બેચેની અનુભવે અને જોનારા પણ એ વિશે જરાક વિચિત્ર પ્રતિભાવ આપે, એવું થતું. આજે પણ ચાલીસની ઉપર ગયેલી સ્ત્રી સામાન્યતઃ પોતાનાં અંતઃવસ્ત્રોને અમુક જ રીતે પહેરવાનું પસંદ કરે છે, આવું શા માટે છે એના વિશે હજી સુધી કોઈ એક્સપ્લેનેશન આપવામાં આવ્યું નથી.

સ્ત્રી-પુરુષના - પતિ-પત્નીના કે પ્રેમી-પ્રેમિકાના સંબંધમાં અંતઃવસ્ત્રો ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. આકર્ષક અંતઃવસ્ત્રોથી સંભોગની ક્ષણો વધુ રોમૅન્ટિક અને વધુ ખૂબસૂરત બનાવી શકાય છે એવો ખ્યાલ લગભગ તમામ લોકોને છે જ, તેમ છતાં આવાં વસ્ત્રોની ચર્ચા ખુલ્લેઆમ થાય કે કોઈ પુરુષ પોતાની પત્નીનાં કે પ્રેમિકાનાં અંતઃવસ્ત્રો ખરીદે એ વાત ૨૧મી સદીમાં પણ બહુ સ્વાભાવિકતાથી સ્વીકારાતી નથી. પુરુષનું 'પુરુષપણું' પત્નીનાં અંતઃવસ્ત્રોને કલાત્મકતાથી ઉતારવામાં હોઈ શકે, પરંતુ ખરીદવામાં નહીં...!! એવા કેટલા પતિ કે પુરુષ, પ્રેમી હશે જેમને પોતાની પત્નીની બ્રાની સાઇઝ કે પૅન્ટીની સાઇઝ ખબર હોય? રંગની પસંદગી કે બ્રામાં મળતાં વૈવિધ્ય વિશે કેટલા પુરુષો જાણે છે? એમને કદાચ અન્ડરવેઅર, ફ્રિલિંગ, ઍર કે નેટ, પૅડેડ કે અનપૅડેડ બ્રા વિશે ખબર નહીં હોય... સ્ટ્રિંગ બિકિની, બિકિની, મીડિયમ કે રેગ્યુલર પૅન્ટિઝ - થોંગ જેવી વરાઇટીઝના ફોટોગ્રાફ્સ એમણે પૉર્ન ચિત્રોમાં બીજી સ્ત્રીઓને પહેરેલા જોયા હોય તો પણ પોતાની પત્ની માટે આવું ખરીદીને પત્નીનું આકર્ષણ પણ અનુભવી શકાય એવી ઝંખના કેટલા પુરુષોને થઈ હશે? પુરુષ પ્રકૃતિએ પોલિગેમસ છે એવું બાયોલૉજી સ્વીકારે છે. એનો અર્થ એ થયો કે પુરુષ માટે શારીરિક આકર્ષણ અનિવાર્યપણે જરૂરી તત્ત્વ છે. કેટલાય પુરુષો એવી ફરિયાદ કરે છે કે એમની પત્ની લગ્નનાં અમુક વર્ષો પછી એમને 'આકર્ષતી' નથી! પરંતુ એવા કેટલા પતિ છે જેમણે એવું શોધવાનો પ્રયત્ન કર્યો હોય કે એમને 'પથારીમાં' કયા પ્રકારનાં અંતઃવસ્ત્રો આકર્ષે છે? એમની કલ્પનામાં જે પ્રકારની

સ્ત્રીઓ આવે છે એવી એમની પત્નીને બનાવવાનો પ્રયત્ન એ કેમ નથી કરતા?

આપણે બધા જ જાણીએ છીએ કે હોઝિયરીની સારામાં સારી દુકાનોમાં પુરુષો કામ કરે છે. સ્ત્રીઓ સ્વાભાવિક રીતે જ્યાં અંતઃવસ્ત્રો ખરીદવા જાય છે ત્યાં પોતાની સાઇઝ કે પસંદગી કાઉન્ટર પર ઊભેલા પુરુષને સંકોચ વિના જણાવતી હોય છે. એ કાઉન્ટર પર ઊભેલા પુરુષો પણ લાંબો વિચાર કર્યા વગર, કે સામે ઊભેલી સ્ત્રી વિશે રંગીન ચિત્ર-વિચિત્ર કલ્પનાઓ કર્યા વગર એક પ્રોફેશનલ હોવાના પૂરા ખ્યાલ સાથે એને જે જોઈતું હોય તે શોધી આપે છે... ટ્રાયલ રૂમમાં અંતઃવસ્ત્રો ટ્રાય કરવા ગયેલી સ્ત્રી વિશે પણ આ પુરુષો ભાગ્યે જ કશુંક વિચારતા હશે! આ ઉપરાંત ઘણી વાર કોઈ સ્ત્રી ખોટો નંબર કે સાઇઝ આપે તો અંતઃવસ્ત્ર વેચીને 'અનુભવી' બની ગયેલા પુરુષો સાવ સ્વાભાવિકપણે કહે છે, "બહેન, તમારી સાઇઝ 'આ' નહીં, પરંતુ 'આ' હોવી જોઈએ." ત્યારે સંકોચ અનુભવવાનો અર્થ નથી એ વાતની સ્ત્રીને ખબર છે, પરંતુ જાણીતા - પિતા, પ્રેમી, પતિ કે દીકરાની સામે એ અંતઃવસ્ત્રોની વાત નીકળે કે કપડાં રખડતાં હોય તો એ વિશે સંકોચ થવો જોઈએ એમ આ સમાજ માને છે. સાડી કે સલવાર - કમીઝ રખડતાં હોય તો - વાળીને ખુલ્લાં ગોઠવ્યાં હોય તો વાંધો નથી, પણ અંતઃવસ્ત્રો 'એમ' ન મુકાય!! નજરે ચડે તો 'ખરાબ લાગે'! આ વસ્ત્રો જોઈને પુરુષ - (પતિ - પ્રેમી તો ઠીક, પણ પિતા કે દીકરો પણ સ્ત્રીના શરીરની કલ્પના કરશે એવો આ સમાજને વહેમ હશે?)


સ્ત્રી-પુરુષની બાબતમાં સમાજ કેટલાક બિનજરૂરી અને અર્થહીન નિયમો ધરાવે છે. 'આમ થાય' અને 'આમ ન થાય' જેવા કાયદાઓ કોણે બનાવ્યા, ક્યારે બનાવ્યા અને એનું પાલન શા માટે કરવું પડે - એવી કોઈ વિગતો, ક્યાંય ઉપલબ્ધ નથી! મમ્મીએ કહ્યું માટે, અથવા એ તો એમ જ હોય...નાં વાક્યો વારંવાર કાને અથડાતાં અથડાતાં અંતે એ 'નિયમ' બની જાય છે... આપણને ખબર પણ ન હોય એવા, આપણી જાણ બહાર આવા કેટલાય નિયમો આપણે પાળતા રહ્યા છીએ!

સવાલ એ નથી કે અંતઃવસ્ત્રો કોણ ખરીદે છે અને કોણ ઉતારે છે... સવાલ એ છે કે જો પત્ની કે સ્ત્રી પોતાના પતિ માટે અમુક પ્રકારની ખરીદી કરી શકે તો પુરુષ કેમ નહીં? શયનખંડ કે બેડરૂમ જ અંતઃવસ્ત્રોની 'જરૂરિયાત' નથી. એક પુરુષ માટે પોતાની પત્નીની કમ્ફર્ટ કે બજારમાં આવતી નવી વરાઇટીઝ

વિશે જાણવામાં કશું ખોટું નથી. પોતાના બાળકને ધવડાવતી મા માટે 'ફિડિંગ બ્રા' કે પિસ્તાલીસ વટાવી ગયેલી પત્ની માટે 'અંડર વેયર' બ્રા લાવીને પતિ એને નાનકડી સરપ્રાઇઝની સાથોસાથ થોડું 'એડ્યુકેટ' પણ કરી જ શકે! નવા જમાનાની છોકરીઓ કે સ્ત્રીઓ જુદી છે, પરંતુ ફક્ત શહેરમાં જ. આપણે અર્બન સોસાયટીની બહાર સ્મૉલ ટાઉન અને મધ્યમવર્ગના લોકોની પણ વાત કરીએ છીએ. એક પિતા પોતાની પુત્રી માટે નવી ફૅશનનાં અંતઃવસ્ત્રો લાવે તો એમાં કઈ મર્યાદાભંગ થાય છે એ હજી સુધી સમજવાનું બાકી છે. પિતા માટે તો પુત્રી હંમેશાં 'બાળકી' જ રહે છે, રહેવી જોઈએ... એવું આ સમાજ માને છે, તેમ છતાં બાર-તેર-ચૌદની દીકરીમાં પિતાને 'સ્ત્રી' જોવાની ફરજ પણ આ સમાજ જ પાડે છે!

એવા કેટલા પતિ કે પુરુષ, પ્રેમી હશે જેમને પોતાની પત્નીની બ્રાની સાઇઝ કે પૅન્ટીની સાઇઝ ખબર હોય? આકર્ષક અંતઃવસ્ત્રો પહેરેલી સ્ત્રીઓના ફોટોગ્રાફ્સ કે બ્લૂ ફિલ્મોમાં એમણે બીજી સ્ત્રીઓને પહેરેલાં જોયાં હોય એવાં અંતઃવસ્ત્રો પોતાની પત્ની માટે ખરીદીને પત્નીનું પણ એવું જ આકર્ષણ અનુભવી શકાય એવી ઝંખના કેટલા પુરુષોને થઈ હશે?

# કવર ધ ફેસ... પુરુષને ફક્ત સેક્સમાં જ રસ છે?



"સ્ત્રીને ખુશ કરવી હોય તો એને ફૂલ અપાય, ભેટ અપાય, એક સારી ડેટ પર લઈ જવાય, હૉલિડે પર લઈ જવાય, પ્રેમનો એકરાર કરાય... વગેરે વગેરે વગેરે... અને પુરુષને ખુશ કરવો હોય તો એને ફક્ત સેક્સથી જ પતી જાય." એક પુસ્તકમાં વાંચેલું. હજી હમણાં જ એક ચિત્ર જોયું, સ્ત્રીનું હૃદય એના હૃદયની જગ્યાએ છે, જ્યારે પુરુષના બે પગની વચ્ચે હૃદયનું ચિત્ર બનાવેલું હતું. રજનીશ કહે છે કે, "સ્ત્રી પ્રેમ માટે સેક્સ આપે છે ને પુરુષ સેક્સ માટે પ્રેમનો દાવો કરે છે..." આ બધાં વાક્યોનો કુલ મળીને અર્થ એ થાય છે કે પુરુષનાં મન, મગજ અને હૃદય ફક્ત એના સેક્સના અવયવો સાથે જોડાયેલાં છે. આ વાત કેટલી સાચી અને કેટલી ખોટી એ તો કોઈ પ્રામાણિક પુરુષ જ કહી શકે, પરંતુ આની સામેની સૌથી મોટી દલીલ એ છે કે સ્ત્રીઓ દેવદાસ નથી બનતી, પણ પુરુષ દેવદાસ બની જાય છે. પોતાની જાતને શરાબમાં, ડ્રગ્સમાં કે બીજી નુકસાન કરતી ચીજોમાં ડુબાડીને પ્રેમભગ્ન પુરુષ સ્વયંને બરબાદ કરી નાખતો હોય એવા ઘણા દાખલા આપણે જોયા છે...

આ દેશમાં ધર્મ, સેક્સ, ઈશ્વર અને રાજનીતિ વિશે કોઈને પણ બોલવાનો અધિકાર છે અને દરેક માણસ જ્યારે બોલે છે ત્યારે એના અભિપ્રાયને અંતિમ સત્યની જેમ ઉચ્ચારે છે. હાથમાં શરાબનો ગ્લાસ હોય અને બે-ચાર સાંભળનારા હોય ત્યારે મોટાભાગના લોકો પોતાની વાતને વ્યાસપીઠ પરથી બોલતા હોય એટલી ઑથૉરિટી અને ઇન્ટલૅક્ચ્યુઅલ હોવાના મુખવટા સાથે ઉચ્ચારે છે. આ ચાર બાબતો વિશે જેટલું લખાય છે એટલું કદાચ વિશ્વની બીજી કોઈ બાબતો વિશે નહીં લખાતું હોય. કૉલમ, કવિતા, ટૂંકી વાર્તાના વિષયો આ ચાર બાબતોની આસપાસ ફરતાં રહે છે. સચ્ચાઈ એ છે કે આપણે બધા જ - ઍઝ અ ગ્રુપ ઑફ પીપલ આ તમામ બાબતો વિશે અંધારામાં રહીને પોતાની બારીમાંથી

દેખાતા આકાશના ટુકડાને આખું આકાશ માનીને પોતાના જ અભિપ્રાયને વારંવાર ઉચ્ચારીને એના શિલાલેખ કોતરવાના પ્રયાસો કરતા હોઈએ છીએ.

પુરુષો જ્યારે ભેગા થાય ત્યારે એ પૉર્ન જોક શૅર કરે છે, જાતીયતા સાથે જોડાયેલી ગાળો બોલે છે, અમુક-તમુક પ્રકારના વૉટ્સઍપ મૅસેજ અને એસએમએસ એકબીજાને શૅર કરે છે, પરંતુ એનો અર્થ એવો ન જ કાઢી શકાય કે પુરુષને ફક્ત આ જ બાબતમાં રસ છે. સ્ત્રી સાથેના સંબંધો દરેક પુરુષ માટે દરેક વખતે ફક્ત અને ફક્ત શારીરિક વર્તુળમાં ઘેરાયેલા- ગૂંગળાયેલા સંબંધો નથી જ હોતા.

જોકે, આ દેશમાં સેક્સને એન્ટરટેઇન્મેન્ટ (મનોરંજન) તરીકે પણ જોવામાં આવે છે. ઝૂંપડપટ્ટીમાં રહેતા નીચલા મધ્યમ વર્ગના કે ગરીબી રેખા નીચે જીવતા લોકો સેક્સ માણીને પોતાની મનોરંજનની જરૂરિયાતને પૂરી કરે છે. અડધાં કપડાં સાથે પોસ્ટર્સમાં દેખાતી કે સિનેમામાં આઇટમ સૉન્ગ કરતી સ્ત્રી આજે પણ આ દેશમાં રસપ્રદ ‘વસ્તુ’ તરીકે જોવામાં આવે છે. સિનેમાની નટીનાં સ્તન ભરાવદાર ન હોય તો એ હિરોઇન તરીકે લોકોને ગમતી નથી. ‘ઝીરો’ ફિગર આ દેશની ફૅશન ન હોઈ શકે. નવાઈની વાત એ છે કે જે પ્રવૃત્તિ માનવના વંશ સાથે એના પુનઃ જન્મ સાથે સંકળાયેલી છે એને આપણે મનોરંજન તરીકે કેવી રીતે જોઈ શકીએ? એવી જ રીતે આપણે એને ધિક્કારી પણ ન જ શકીએ. સેક્સ અથવા સંભોગ એ પ્રાણીમાત્રની જરૂરિયાત છે. સૌથી નવાઈની વાત એ છે કે મનુષ્યની તમામ સંસ્કૃતિઓએ, તમામ ધર્મોએ, તમામ સદીઓમાં સેક્સનો, કામનો, વાસનાનો, શારીરિક જરૂરિયાતનો વિરોધ કર્યો છે. કામ અથવા સેક્સ એ પાપ છે... ગંદી વસ્તુ છે. એનાથી માણસ ભ્રષ્ટ થાય છે એવો વિચાર ધર્મોએ જ માણસના મનમાં ઘુસાડ્યો છે. ખરેખર તો કામ અથવા સેક્સ એ પ્રાણીમાત્રના જીવનની ઉત્તમ અભિવ્યક્તિ છે. સર્જન માટેનું જે સાધન છે તે ગંદું કે ખરાબ કેવી રીતે હોઈ શકે? સંસ્કૃતિ અને ધર્મ માણસના મનમાં બ્રહ્મચર્ય વિશે ઉદાત્ત ખ્યાલો જન્માવે છે. ગુણવંત શાહે લખ્યું છે કે, “માણસ જેમ કૂતરો પાળે એવી રીતે તો બ્રહ્મચર્ય ન જ પાળી શકાય!”

બ્રહ્મચર્યની વાત કરીએ ત્યારે જે બ્રહ્માંડ છે એની સાથે જોડાયેલી શક્તિની ચર્ચા થાય છે. ભારતીય તત્ત્વજ્ઞાન બ્રહ્મ, બ્રહ્માંડ અને આત્માના સંયોજનની વાત કરે છે. કૉસ્મોસમાં નવસર્જનનું મહત્ત્વ છે અને નવસર્જન માટેની આવશ્યક

ઊર્જા એ શરીરમાંથી જન્મે છે. ફક્ત સેક્સથી મુક્ત રહેવું અથવા દૂર રહેવું એટલે જ બ્રહ્મચર્ય નથી. જાતીય વૃત્તિને દબાવીને, જરૂરિયાતોને અવગણીને, સ્વાદ અને સેક્સને પરાણે ભૂલવાનો પ્રયાસ કરતો માણસ 'બ્રહ્મચારી' ન હોઈ શકે.

માણસના જીવનમાં સેક્સનું મહત્ત્વ આગવું છે. સીતાથી શરૂ કરીને આજ સુધીની સ્ત્રી પાસે વફાદારીના નામે ગુલામીની અપેક્ષા રખાય છે. રાવણને ત્યાં રહી આવેલી સીતાને સ્વીકારવાની ના પાડીને એની વફાદારી પર આક્ષેપ કર્યો હતો. "જનવાદ - ભયાદ રાજ્ઞા બભૂવ - હૃદયં દ્વિધા". પતિની રાહ જોઈને પોતાની જાતને સાચવીને અશોકવાટિકામાં રહીને ફક્ત પતિપ્રેમને ઝંખતી પત્નીને કહે છે, "એષાદશિ નિર્જિતાભદ્રે...!" લે હવે તું જિતાઈ ગઈ... તુલસીદાસજી લખે છે કે, "આ વાત સાંભળીને રાક્ષસીઓ પણ દુઃખી થઈ જાય છે." ટૂંકમાં, સ્ત્રી એ શારીરિક રીતે જીતી અને મેળવી શકાય એવી વસ્તુ તરીકે જોવામાં આવતી હતી. એનું કારણ કદાચ સ્ત્રીનો સંબંધ ફક્ત શારીરિક સુખ સાથે જોડાયેલો હોય એવું બની શકે.

ગરુડ મહાપુરાણમાં ૯૫મા અધ્યાયમાં કહેવાયું છે કે, "દરેક સ્ત્રીએ પતિવ્રતા ધર્મનું પૂરા હૃદયથી પાલન કરવું જોઈએ, પતિને પરમેશ્વર માનવો જોઈએ, પતિની પૂજા કરવી જોઈએ. સ્ત્રીથી પરપુરુષનું ચિંતન કે પરપુરુષને સ્પર્શ થઈ શકે નહીં. સૌભાગ્યવતી સ્ત્રીનો ધર્મ છે કે એને પતિનો પડ્યો બોલ ઝીલી એની આજ્ઞામાં રહેવું જોઈએ."

આ બધી વાતો શરીર અને શરીરની આસપાસ ગૂંથાયેલી વાતો છે. આમાં પ્રેમ, લાગણી કે પતિ પરત્વેની માનસિક વફાદારીની કોઈ ચર્ચા નથી. આનો અર્થ એવો કરી શકાય કે પુરુષને સ્ત્રીના શરીરને પોતાના વફાદાર બનાવીને બાંધી રાખવામાં રસ છે. પોતાની પત્ની કે પ્રેમિકા શારીરિક રીતે પોતાની માલિકીમાં કે પોતાના હકમાં રહે એ પુરુષ માટે ઇનફ છે? હરમ અને અંતઃપુરના કૉન્સેપ્ટમાં એકથી વધુ સ્ત્રીઓ બહુ સ્વાભાવિક રીતે સ્વીકારવામાં આવી છે, પરંતુ દ્રૌપદીને ભરસભામાં કર્ણ 'વેશ્યા' કહે છે... છેલ્લી કેટલીયે સદીઓથી લગ્નને સેક્સ સાથે જોડીને વફાદારીની વ્યાખ્યાઓ બદલી નાખવામાં આવી છે. પતિ-પત્ની વચ્ચે માલિકીભાવ એ જ સ્થાયી ભાવ બની જાય છે, એટલે શરીરોની વફાદારી સાથે જોડાયેલા પુરુષના પઝેશનને એની શારીરિક જરૂરિયાતો સાથે જોડી દેવાય

છે. પૈતૃક અને પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીને ‘ના’ કહેવાનો અધિકાર નથી. પુરુષ કદાચ શારીરિક રીતે વધુ હંગર, ઍપિટાઇટ કે જરૂરિયાત ધરાવતું પ્રાણી છે એમ માનવામાં આવે છે, પરંતુ વૈજ્ઞાનિક સંશોધનોએ સાબિત કર્યું છે કે સ્ત્રીના શરીરની રચના એને મલ્ટિપલ ઑર્ગેઝમનું સુખ આપે છે. સ્ત્રી વારંવાર સંભોગ કરી શકે છે, જ્યારે દરેક પુરુષ માટે એ શક્ય નથી...

ગરમ અને ઠંડા લોહી વચ્ચે જે ફરક છે એ જ સંબંધ શરીર અને અશરીર વચ્ચે છે. ધર્મો અહીંથી ત્યાગીને પરલોકમાં ભોગવવાની વાત કરે છે, પરંતુ જે ભોગવ્યાનો સંતોષ જ નથી થયો એ કઈ રીતે ત્યાગી શકાય એ પ્રશ્ન ક્યારેક મહત્ત્વનો બની જાય છે. ગૌતમ બુદ્ધના એક અનુયાયીને ચિત્રલેખા નામની નગરવધૂએ પ્રશ્ન પૂછ્યો હતો કે, “બાળવયે સાધુ બની જનાર હે મહાત્મન્, તમે જે સુખ વિશે જાણતા નથી, તમે જે સુખ ભોગવ્યું નથી એ સુખ નશ્વર છે, નકામું છે એવું તમે કઈ રીતે કહી શકો?”

મોટાભાગની સ્ત્રીઓને સંકોચ અથવા સામાજિક બંધનોને કારણે પોતાના શરીર વિશે પૂરતી માહિતી નથી હોતી. પોતાની શારીરિક જરૂરિયાતો કે સેક્સ્યુઅલ ઍપિટાઇટ વિશે એમને કદી તપાસ કરવાનો ચાન્સ જ મળતો નથી. (આપણે હાયર મિડલ ક્લાસની પચીસથી નીચેની છોકરીઓ વિશે વાત નથી કરી રહ્યા. આપણે એવી છોકરીઓ કે સ્ત્રીઓ વિશે વાત કરી રહ્યા છીએ, જેમણે પોતાના શરીરને નિર્વસ્ત્ર કદી જોયું પણ ન હોય!) આવી સ્ત્રીઓ પોતાના પતિની સાથે શારીરિક સંબંધ - સંભોગ કે સેક્સ વખતે ફક્ત ‘સમર્પણ’ કરીને સંતોષ મેળવે છે. એમને પોતાના ઑર્ગેઝમ વિશે આખી જિંદગી ખબર પણ ન પડે એવું બની શકે! આવા સંજોગોમાં એવો આક્ષેપ કરવામાં આવે છે કે પુરુષને ફક્ત સ્ત્રીના શરીરમાં જ રસ છે...


શક્ય છે કે પુરુષ માટે સ્ત્રીનું શરીર એક રસપ્રદ અને મનોરંજક બાબત હોય. પૉર્ન જોક કે ફોટા શૅર કરવા, બ્લુ ફિલ્મ જોવી, ડાન્સબારમાં જવું કે સેક્સ વર્કર પાસે જવું એ કદાચ એના સો કોલ્ડ પૌરુષને ઉશ્કેરતી, આનંદ આપતી બાબત હોઈ શકે, પણ આ વાત આઇસક્રીમ ખાવા જેવી, શરાબ પીવા જેવી કે સિગારેટ પીવા જેવી બાબતો છે. આનાથી સતત અને સખત આનંદ મળતો નથી એ વાત દરેક પુરુષ સમજે છે અને કેટલાક સ્વીકારે છે! માણસમાત્ર માટે પ્રેમ અગત્યની બાબત છે. જે મનથી જોડાય છે એ જ તનની કેમિસ્ટ્રીને

પૂરેપૂરી માણી શકે છે. જમી લેવાને જે લોકો 'એક કામ પત્યું' માનીને કરે છે એમનામાં અને જે પોતાના ભોજનનો કોળિયે કોળિયો સંપૂર્ણ સ્વાદ સાથે માણે છે એમાં ફેર છે...

બે વ્યક્તિઓ જ્યારે એકબીજા સાથે તન અને મનથી જોડાય ત્યારે પોતાના સંબંધની સંપૂર્ણ અભિવ્યક્તિ કરી શકે છે. શારીરિક સંબંધને 'સમભોગ' કહેવાયો છે. બે પુખ્ત વ્યક્તિઓ એકબીજાની સાથે સંપૂર્ણપણે તન્મય થઈને એકબીજાને પૂરા પ્રેમથી સ્વીકારી લે, એકબીજાને પૂરેપૂરું સુખ આપવાના હેતુથી જે સંબંધમાં પ્રવેશે એનું નામ સમભોગ.

છેલ્લી કેટલીયે સદીઓથી લગ્નને સેક્સ સાથે જોડીને વફાદારીની વ્યાખ્યાઓ બદલી નાખવામાં આવી છે. પતિ-પત્ની વચ્ચે માલિકીભાવ એ જ સ્થાયી ભાવ બની જાય છે, એટલે શરીરોની વફાદારી સાથે જોડાયેલા પુરુષના પઝેશનને એની શારીરિક જરૂરિયાતો સાથે જોડી દેવાય છે. પૈતૃક અને પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીને 'ના' કહેવાનો અધિકાર નથી. પુરુષ કદાચ શારીરિક રીતે વધુ હંગર, ઍપિટાઇટ કે જરૂરિયાત ધરાવતું પ્રાણી છે એમ માનવામાં આવે છે, પરંતુ વૈજ્ઞાનિક સંશોધનોએ સાબિત કર્યું છે કે સ્ત્રીના શરીરની રચના એને મલ્ટિપલ ઑર્ગેઝમનું સુખ આપે છે. સ્ત્રી વારંવાર સંભોગ કરી શકે છે, જ્યારે દરેક પુરુષ માટે એ શક્ય નથી...

# ‘વફાદારી’ નારીવાચક શબ્દ નથી!



“વાય?” નીલિમા સહેજ નશાર્ત આંખો સાથે અજયની બાંહોમાં ઝૂલી ગઈ, “હું નથી ગમતી તને?” નીલિમાના અવાજમાં સહેજ ઘસરકો પડ્યાની પીડા હતી.

“સુંદર છે તું.” અજયે એને સીધી ઊભી રાખવાનો પ્રયાસ કર્યો, “ઇન્ટેલિજન્ટ પણ છે.”

“તો?” નીલિમાએ અજયની છાતી પર આધાર લેવાનો પ્રયત્ન કર્યો.

“તો શું?” અજય સ્વસ્થ હતો. બંને જણાંએ સારો એવો શરાબ પીધો હતો. સાંજની પાર્ટી પૂરી થયા પછી નીલિમા પોતાના રૂમમાં જતી વખતે અજયના રૂમમાં દાખલ થઈ ગઈ. અજય સમજતો હતો, પણ એ આ પરિસ્થિતિને ટાળવાના પૂરા પ્રયાસમાં હતો. નીલિમા પહેલાં તો અજયની બાજુમાં પલંગ પર આડી પડી ગઈ. પછી ખાસ્સી વારે ઊઠીને પોતાના રૂમ તરફ જતાં જતાં એણે અજયને આલિંગન આપ્યું. અજયે બહુ જ સ્વાભાવિકતાથી એને ‘ગુડનાઇટ’ હગ આપીને આવજો કહેવાનો પ્રયત્ન કર્યો, પણ નીલિમા હજી વધુ - થોડું વધુ કંઈક ઇચ્છતી હતી.

“અજય...” પાંચ ફૂટ સાત ઇંચની નીલિમાની પરફેક્ટ કાયા એના વળાંકો સાથે અજયની આસપાસ વીંટળાઈ.

અજયે બહુ જ સ્નેહથી નીલિમાનો ચહેરો પોતાના બે હાથની વચ્ચે પકડીને એના કપાળ પર હળવું ચુંબન કર્યું, “કહેવાય છે કે ફોરહેડ પર ચુંબન કરવાથી માણસની જિંદગીની મિઝરી ઘટી જાય છે.” એણે કહ્યું અને આરામથી એને દરવાજા તરફ વાળી. નીલિમા અનિચ્છાએ બહાર નીકળી, પણ એની અંદર અજયે નકારેલી એની ઝંખનાનો શોષ એની સાથે જ આખી રાત તરફડતો રહ્યો.

એ પછીના કેટલાય દિવસો એમ જ વીતી ગયા, પરંતુ એક દિવસ રાત્રે

નીલિમાએ વૉટ્સઍપ પર અજયને પૂછી નાખ્યું, "તું કદીય મારા તરફ આકર્ષાયો હતો ખરો? એક પળ માટે પણ?"

અજયે વૉટ્સઍપ પર જવાબ આપ્યો, "હા. જુઠ્ઠું નહીં બોલું, પણ મારા હૃદય અને આત્માથી હું કોઈકને પ્રેમ કરું છું. આ જન્મ માટે મારી જિંદગી એના નામે લખાઈ ચૂકી છે."

"હું પ્રેમની વાત જ નથી કરતી." નીલિમાએ છંછેડાઈને લખ્યું.

"પ્રેમ સિવાય હું કોઈ સ્ત્રીના શરીરને સ્પર્શી પણ ના શકું." અજયે જવાબ આપ્યો...

■

એક સામાન્ય માન્યતા એવી છે કે આવેલી તક અને મળેલો હક પુરુષ છોડતો નથી. સામેથી આ રીતે પોતાના પર ઢોળાઈ જતી સ્ત્રીને કદી કોઈ પુરુષ નકારે જ નહીં એવું સમાજ માને છે. ફિલ્મસ્ટાર્સ કે ક્રિકેટરના રૂમમાં જતી ઘેલી ફૅન્સને અમુક-તમુક રીતે 'વાપરી' લેતા હશે એવી લોકવાયકાઓ સાંભળવા મળે છે, પરંતુ આપણે કશુંયે નજરે જોયા કે જાણ્યા વગર સાંભળેલી વાતોને આગળ વહેતી કરવામાં પાવરધા છીએ. પુરુષને સંયમ ન હોય અથવા પુરુષને ફક્ત શરીરમાં જ રસ છે એવું માનનારા કે કહેનારા લોકોમાં સ્ત્રી અને પુરુષો બંને છે. પરણેલા પુરુષો વધુ ભ્રમરવૃત્તિ ધરાવે છે અથવા એમને 'વરાઇટી'માં રસ છે એવી વાતો કરીને સમગ્ર પુરુષજાતિને એક જ ચશ્માંમાંથી જોનારા લોકો આ સમાજમાં ઓછા નથી.

આપણે પત્નીને મૂકીને બૅન્ગકૉક જતા કરોડપતિઓની ચર્ચા નથી કરતા... લખલૂટ પૈસા ખર્ચીને 'બી' ગ્રેડની સ્ટાર કે આઇટમ ગર્લ્સને પોતાના ફાર્મહાઉસ પર બોલાવીને ઈગો મસાજ કરતા નબીરાઓની પણ આ વાત નથી. સ્ત્રીને ઉપભોગ કે ઉપયોગની વસ્તુ સમજતા હોય એવા પુરુષોની ખોટ નથી એ વાત સાચી છે. પોતાના તાબામાં ન રહેતી સ્ત્રી પર હાથ ઉપાડનારા કે પોતાને ન મળે એવી સ્ત્રી પર બળાત્કાર કરનારા પુરુષોના સમાચાર આપણે વાંચતા રહીએ છીએ. લગ્નજીવનમાં બેવફાઈ કરનારા, સાળીથી શરૂ કરીને મિત્રની પત્ની સુધીની સ્ત્રી સાથે 'લફરાં' કરનારા પુરુષો પણ છે જ, હોય જ! કેટલાક લોકોને પોતાનું પુરુષત્વ ફક્ત પથારીમાં પ્રસ્થાપિત કરતાં આવડે છે. કેટલી સ્ત્રીઓ સાથે પોતાનો સંબંધ છે અથવા પોતે કેટલી આસાનીથી સ્ત્રીને 'પટાવી'

શકે છે એ વાત કહીને કેટલાક પુરુષોને પોતાના અહંકારને પંપાળવામાં એક અજબ જેવો નશો મળતો હશે. એમણે કહેલી બધી જ વાતો અને એમનાં બધાં જ લફરાંપુરાણ તદ્દન સાચાં કે જેન્યુઇન છે એવું માનવાનું આપણી પાસે કોઈ કારણ હોતું નથી... બસ, ચટપટી ચટણીની દરેક વાનગીને એમાં ડબોળીને ચટકારા બોલાવવાની શ્રોતાઓને મજા આવે એટલું જ! કેટલાક પરણેલા પુરુષો એમ માને છે કે એની પત્ની એનાં મા-બાપની સેવા કરવા આવી છે, અથવા એને માટે સંતાન જણવા સિવાય એની પત્નીની કોઈ 'જૉબ' નથી... આ બધું જ આપણી આસપાસ રોજેરોજ બને જ છે, તેમ છતાં દરેક નિયમને અપવાદ હોય એવી વાતને પણ આપણે સમજવી અને સ્વીકારવી પડે.

દરેક પરણેલો પુરુષ પોતાની પત્નીથી કંટાળી જ જાય છે અથવા દરેક પરણેલા પુરુષને પોતાની પત્ની જૂની - વાસી - નકામી લાગે છે એવું ન જ હોઈ શકે. આપણા સમાજમાં એવા ઘણા પુરુષો છે, જે પોતાની પત્નીને પૂરા હૃદયથી ચાહે છે, એને સન્માન આપે છે અને એને પૂરેપૂરા વફાદાર છે. કેટલાક પુરુષો માટે આવી તકો આપોઆપ ઊભી થતી હોય છે, પણ મળેલી દરેક તકને પોતાનો અધિકાર સમજીને ભોગવી લેવાની પ્રકૃતિ દરેક પુરુષની ન પણ હોય. 'શાલીનતા' એ આપણી સંસ્કૃતિની આગવી પરંપરા છે. અંગ્રેજીમાં જેને શિવલરી કહેવાય એ ગુણ દરેક પુરુષમાં નથી હોતો, એવું ખરું, પણ જે પુરુષમાં એ ગુણ હોય છે એને ઘૂંટણિયે પડનારી સ્ત્રીઓની કમી નથી હોતી! મજા એ છે કે આવા પુરુષો બહુ દેખાવડા હોય, સ્માર્ટ હોય, પૈસાવાળા હોય કે એમનામાં સ્ત્રીઓને આકર્ષવાની આગવી છટા હોય એવું જરૂરી નથી... ફક્ત એમની સજ્જનતા, સભ્યતા, સ્ત્રીને સન્માન આપવાની એમની વર્તણૂક જ સ્ત્રી માટે ભયાનક આકર્ષણ પુરવાર થાય છે.


આપણે જ્યારે નીલિમા જેવી સફળ, બુદ્ધિશાળી અને ઍવરેજથી સુંદર કહી શકાય એવી સ્ત્રીની ચર્ચા કરીએ ત્યારે આવી સ્ત્રીઓ એમની ચાળીસીમાં પહોંચતાં સુધીમાં જિંદગી જોઈ ચૂકી હોય છે. એને 'પશુ' અને 'પુરુષ'નો ભેદ પારખતાં આવડી ગયો હોય છે. પોતાની સફળતાને કારણે કેટલાં ફૂદાં આકર્ષાઈને આવ્યાં છે અથવા કેટલા લોકોને એના શરીરમાં રસ છે એટલું આવી સ્ત્રીઓની એક ઊડતી નજર જ વાંચી લે છે. જ્યારે આવું હોય ત્યારે અજય જેવા પુરુષો સામે નીલિમા પ્રકારની સ્ત્રીઓનું હૃદય પૂરા ભાવથી સમર્પિત થઈ જાય છે. જરૂરી નથી કે આવી રીતે સમર્પિત થતી સ્ત્રીનું લગ્નજીવન તૂટેલું કે

દુઃખી જ હોય. સ્ત્રીમાત્રને એવો પુરુષ ગમે છે, જે એને વસ્તુ તરીકે નહીં, પરંતુ વ્યક્તિ તરીકે જુએ. મોટાભાગનાં ભારતીય લગ્નજીવન તપાસીએ તો સમજાય કે સુખી દેખાતાં યુગલોમાં પણ વાતો કરવાનો સંબંધ નથી... જે લોકો પોતાની સોસાયટીમાં આદર્શ યુગલ તરીકે જોવાય છે એવું દંપતી પણ એકબીજા સાથે - ફક્ત એકબીજા સાથે - એકબીજાની કંપની બનીને સમય પસાર કરતાં શીખ્યાં જ નથી. સ્ત્રીની બુદ્ધિ વિશે ઘણી મજાક કરવામાં આવે છે, પરંતુ જેમ વફાદાર પુરુષ છે - હોય છે એમ બુદ્ધિશાળી સ્ત્રીઓ પણ હોય જ છે...

એક બુદ્ધિશાળી સ્ત્રી માટે એ જેની સાથે વાતો કરી શકે એવો પુરુષ અનિવાર્ય જરૂરિયાત છે... મજાની વાત એ છે કે જો એ સ્ત્રીને આવો પુરુષ 'પ્રેમી' કે 'પતિ' તરીકે ન મળી શકે તેમ હોય તો એ એને 'મિત્ર' બનાવીને પણ એ સંબંધ ટકાવી રાખવા માગે છે. એવું પણ માનવામાં આવે છે કે સ્ત્રી ક્યારેય રિજેક્શન કે રિફ્યુઝલ સહી શકતી નથી, આ વાત મોટાભાગની બુદ્ધિશાળી સ્ત્રીઓની બાબતમાં ખોટી પુરવાર થાય છે, કારણ કે જ્યારે સ્ત્રી બુદ્ધિશાળી હોય ત્યારે એને એટલું ચોક્કસ સમજાય છે કે મહામુશ્કેલીએ મળેલો આ 'શબ્દો' અને 'મૌન' બંને સમજી શકે એવો પુરુષ ફક્ત શરીર ખાતર જવા તો ન જ દેવાય! પોતાની પત્નીને પ્રેમ કરતો પુરુષ કદાચ આવી લલચામણી પળને બહુ આસાનીથી છોડી શકે છે. એને એટલું ચોક્કસ સમજાય છે કે શરીરના મોહમાં વર્ષોથી સાચવી રાખેલી સભ્યતા, સંસ્કાર અને સુખની હોળી ન કરાય.

બુદ્ધિશાળી સ્ત્રીઓ એમની ચાળીસીમાં પહોંચતાં સુધીમાં જિંદગી જોઈ ચૂકી હોય છે. એને 'પશુ' અને 'પુરુષ'નો ભેદ પારખતાં આવડી ગયો હોય છે. પોતાની સફળતાને કારણે કેટલાં ફૂદાં આકર્ષાઈને આવ્યાં છે અથવા કેટલા લોકોને એના શરીરમાં રસ છે એટલું આવી સ્ત્રીઓની એક ઊડતી નજર જ વાંચી લે છે.

# છૂટાછેડા સિવાય છૂટકો જ ન હોય ત્યારે?



"હું મારી જાતને એકદમ રિલેક્સ્ડ અને સ્વતંત્ર અનુભવું છું. જિંદગીનાં ૨૫ વર્ષ મેં ડરીને વિતાવ્યાં. મને પહેલી વાર લાગે છે કે હું ઇચ્છું તે કરી શકું... આજે અહીં આ પ્રોગ્રામમાં બેઠો છું ત્યારે એવી ચિંતા નથી કે ઘરે પહોંચીશ ને કકળાટ સાંભળવો પડશે." એક ૪૭ વર્ષના પુરુષે એના મિત્રને કહ્યું. પ્રોફેશનલી ક્વૉલિફાઇડ અને સારું કમાતા એ પુરુષે લગ્નનાં ૨૩ વર્ષ પછી ડિવૉર્સ લેવાનું નક્કી કર્યું. એ પોતાનું ઘર છોડીને બીજે રહેવા લાગ્યા. ચાર હજાર સ્ક્વેર-ફીટનું વેલ ડેકોરેટેડ ઘર છોડીને એ ભાડાના ઘરમાં સાવ નવેસરથી શરૂઆત કરવા તૈયાર હતા, પણ એમને હવે એ કકળાટ, અશાંતિ, માનસિક ત્રાસ અને સતત શંકાઓમાં જીવવું મંજૂર નહોતું!

આજના સમયમાં આપણે વારંવાર આવા કિસ્સાઓ સાંભળીએ છીએ. લગ્નનાં ઘણાં વર્ષ પછી સફળ અને સુખી મનાતાં દંપતી છૂટાં પડે છે. અમૃતા સિંગ અને સૈફ અલી, આમિર અને રીના, રિતીક અને સુઝાનથી શરૂ કરીને સેલિબ્રિટી ન હોય, પરંતુ સફળ હોય એવા ઘણા લોકોએ પોતાની જિંદગીનો નિર્ણય બદલવાનું નક્કી કર્યું હોય એવું આપણે જોઈ રહ્યા છીએ. આમ જોવા જઈએ તો સહુને હચમચી રહેલી સંસ્કૃતિના ધ્રૂજતા-કાંપતા પાયા દેખાય છે. સહુ ડરે છે કે આવનારાં વર્ષોમાં કદાચ ઘણાં લગ્નો આવી રીતે તૂટી પડશે. બહારથી સુખી દેખાતાં યુગલો ભીતરથી પીડાતાં હોય અને ફક્ત બાળકોને કારણે કે સમાજના ડરથી સાથે રહેતા હોય એવા કિસ્સાઓ આપણી સામે વધતા જાય છે.

દરેક વખતે લગ્નજીવનમાં સ્ત્રી જ દુઃખી છે અથવા પીડા સ્ત્રીના જ ભાગે છે એવું હવે કહી શકાય તેમ નથી રહ્યું. આપણી આસપાસ એવા કેટલાય કિસ્સાઓ છે, જેમાં પુરુષ સ્ત્રીના અત્યાચારનો ભોગ બન્યો હોય એવું આપણે સાંભળીએ છીએ. '૪૯૮-એ'ના દુરુપયોગની કથાઓથી શરૂ કરીને સ્ત્રીઓ મગજ ગુમાવીને

મારપીટ કરતી હોય એવું પણ બનવા લાગ્યું છે. સ્કિઝોફ્રેનિક થઈ જતી પત્ની વિશે બહાર વાત કરવી એ પુરુષના અહંકારને ચોટ પહોંચાડતી બાબત છે. પત્ની શંકા કરે અને પોતે મિનિટે મિનિટનો હિસાબ આપવો પડે એ વાત પુરુષના અહંને ચોટ પહોંચાડે છે. બાળકોની સામે જેમ તેમ બોલતી અને ગેરવર્તન કરતી પત્નીને પોતે ચલાવી લે છે એ વાત કદાચ પુરુષ પોતાના મિત્રોની સામે કે અત્યંત નિકટના સ્વજનની સામે પણ બોલી શકતો નથી. પુરુષના આ નબળા પાસાનો લાભ ઘણી પત્નીઓ ઉઠાવે છે. સ્ત્રી સતત અત્યાચાર સહે છે અથવા એને બહુ જ હેરાન કરવામાં આવે છે એવી વાતો હવે થોડીક જૂની થઈ ગઈ છે. અંતરિયાળ ગામડાંઓમાં કે અમુક જાતિઓમાં કદાચ હજી પણ સ્ત્રીની સ્થિતિ દયનીય છે, એની ના નહીં. હજી વુમન એમ્પાવરમેન્ટના ઝંડા ગામડે-ગામડે ફરફરતા નથી એ સાચું. સ્ત્રી ચંપલ પહેર્યા વગર ખેતરમાં કામ કરે છે, ઘર ચલાવે છે એ બધી વાતોને સાવ નકારી શકાય એમ નથી, પરંતુ બદલાઈ રહેલા અર્બન સમાજ અથવા શહેરી જીવનશૈલીમાં સ્ત્રી પ્રમાણમાં ઘણી સ્વતંત્ર મિજાજી અને સ્વચ્છંદ કહી શકાય એ હદે મુક્ત થવા લાગી છે. પોતાની આવક હોવાને કારણે ઘણાં ઘરોમાં સ્ત્રી-પુરુષના સંબંધ તણાવપૂર્ણ રહેવા લાગ્યા છે. ઘણી બધી સ્ત્રીઓ એમ માને છે કે એમની કમાણી એ એમની સ્વતંત્રતાનો પરવાનો છે. એમાંય ઘણી વાર જ્યારે પુરુષ સ્ત્રીથી ઓછું કમાતો હોય અથવા એનાથી ઓછું ભણેલો કે ઓછો દેખાવડો હોય ત્યારે આવા કજોડાનો લાભ ફક્ત પુરુષ જ ઉઠાવે છે એવું હવે નથી રહ્યું.

આજના સમાજમાં પુરુષની સ્થિતિ ધીમે-ધીમે બદલાઈ રહી છે. ગમે તેટલું કમાતો અને સમાજમાં છાતી કાઢીને ફરતો પુરુષ ઘણી વાર પોતાની પત્નીની સામે મિયાંની મીંદડી થઈ જતો હોય એવું બને. સામાન્યતઃ સ્ત્રીને ખબર હોય છે કે પુરુષ માટે એની પ્રતિષ્ઠા અથવા એનો સામાજિક મોભો એને માટે બહુ અગત્યની બાબત છે. ઘણી સ્ત્રીઓ આ એક જ મુદ્દાને બરાબર તીર બનાવીને પોતાનું નિશાન સાધે છે. ઝઘડો, કકળાટ, ગમે તેવી ભાષાનો ઉપયોગ કરવાથી શરૂ કરીને પતિ કે પ્રેમી પર હાથ ઉપાડતી સ્ત્રી પણ સાવ અજાણ્યું દૃશ્ય નથી રહ્યું હવે. આનાં કારણોમાં ઊતરીએ તો સમજાય કે પીડા અને અત્યાચાર વિરુદ્ધની ફરિયાદ સ્ત્રીના ડીએનએમાં ભળીને વહે છે. સદીઓ કે હજારો વર્ષોથી પુરુષોના દમનનો ભોગ બનતી રહેલી સ્ત્રીઓ પોતાની મા, માની મા, એની માના ગર્ભમાંથી જ પીડાના ડીએનએ લઈને જન્મે છે. જે સ્ત્રી કમાવા લાગી છે

અથવા નહીં કમાતી સ્ત્રી પણ જ્યારે એવું જાણી જાય છે કે એની જિંદગીમાં રહેલો પુરુષ નાથી શકાય એમ છે ત્યારે એના હાથમાં આવેલા રિમોટનો ઉપયોગ કરતા આજની શહેરી સ્ત્રી અચકાતી નથી.

સ્ત્રીનો આ ક્રોધ, વિદ્રોહ કે કકળાટ એની ઇચ્છાથી ન થતો હોય એમ પણ બને. સ્ત્રીની અસલામતી પ્રમાણમાં ઘણી તીવ્ર હોય છે. સામાન્ય રીતે ઘરમાં રહેતી ગૃહિણી એવું અનુભવે છે કે બહાર ફરતો એનો પતિ હવે એનામાં રસ નહીં લે. બાળકોના જન્મ સાથે વધી ગયેલું વજન અથવા પતિના વિકાસમાં પાછળ રહી ગયેલી સ્ત્રી મોટેભાગે આવી અસલામતીનો ભોગ બને છે. બીજી તરફ કમાતી સ્ત્રી માટે એને મળતા અન્ય પુરુષો એને જીવનની બારી ખોલી આપે છે. પોતે કરેલો નિર્ણય સાચો જ છે એમ માનીને જીવનારી સ્ત્રીઓ કદાચ આવી સમસ્યાઓમાં નથી પડતી, પરંતુ જ્યારે મનોમન સરખામણી શરૂ થાય છે ત્યારે સ્ત્રીને પોતાની આસપાસના પુરુષો વધુ શાલીન, વધુ સમજદાર અને વધુ રસપ્રદ લાગવા માંડે છે. અજાણતાં જ આવી સરખામણીનો ભોગ બનેલી સ્ત્રી પોતાના પતિમાંથી કે પ્રિયજનમાંથી ભૂલો શોધવા માંડે છે. આ બહુ સબકૉન્શિયસ ઑપરેટિંગ સિસ્ટમ છે. મોટેભાગે સ્ત્રીને આની ખબર પણ નથી હોતી. ધીમે-ધીમે આ અસંતોષ અથવા સરખામણીમાંથી જન્મેલો અભાવ ટોકવા, ભૂલો કાઢવા અને એ પછી કકળાટ કરવા સુધી લંબાય છે. પુરુષ સ્વભાવે ડોમિનેટિંગ છે. અહંકારી અથવા ઈગોઇસ્ટ છે. એ ઝડપથી હાથ ઉપાડી બેસે છે અથવા સામાન્યતઃ પુરુષ પ્રકૃતિએ શૉર્ટ ટેમ્પર્ડ છે એ બધી વાતોને સ્વીકારી લઈએ તો પણ એક મહત્ત્વની બાબત એ છે કે સ્ત્રી પાસે આંસુ છે, શબ્દ છે અને કલાકો સુધી બોલી શકવાની, ઝઘડી શકવાની ક્ષમતા છે. પુરુષ મોટેભાગે આ નથી કરી શકતા.

ઝઘડતી પત્ની કે પ્રેમિકા, શંકા કરતી પત્ની કે વાતે-વાતે અસલામતી અનુભવતી પ્રેમિકા... પુરુષ માટે સૌથી અઘરો અને મુશ્કેલ વિષય બની જાય છે. વળી આવો કકળાટ કે ઝઘડો સામાન્ય રીતે સ્ત્રી-પુરુષના સંબંધમાં એટલે કે સ્પાઉસ અથવા મૅન-વુમન રિલેશનશિપમાં જ થાય છે. દીકરી બાપ સાથે કે મા દીકરા સાથે આવો કકળાટ કરીને ઝઘડતી નથી (મોટેભાગે). એનું કારણ કદાચ સ્ટેટસનો ફરક હોઈ શકે. સ્ત્રી જાણે છે કે પુરુષ માટે એના પરિવારજનો મહત્ત્વના છે, પુરુષના પરિવારને અપશબ્દો કહેવા, એની માનું અપમાન કરવું કે એને સરખી રીતે ન રાખવી, પતિનો ગુસ્સો પતિની હાજરીમાં જ સંતાનો

પર ઉતારવો વગેરે બ્લેકમેઇલિંગનાં હથિયારોનો ઉપયોગ ઘણી સ્ત્રીઓ કરે છે. નાક દબાવીને મોઢું ખોલાવવાની આ આખીયે પ્રક્રિયા પુરુષ માટે બહુ પીડાદાયક પુરવાર થાય છે. પોતાના પૌરુષના મોહરાને સાચવી રાખીને એણે સમાજમાં સુખી લગ્નજીવનનો દંભ કરતા રહેવાનું છે, તો બીજી તરફ ઘરમાં દાખલ થતાં જ ક્યારે બૉમ્બ ફાટશે એના ભય હેઠળ જીવવાનું છે. ક્યારે પ્રિયતમા કે પત્નીનો મિજાજ છટકશે, મૂડ બગડી જશે કે કઈ વાતે ખોટું લાગશે એનો ભાર મગજ પર રાખીને વર્તવાનું છે... આવી રીતે જીવવું સહેલું નથી. ગળાકાપ હરીફાઈના બજારમાં સફળતાને પુરવાર કરતા રહેવાનું અને સુખ માટે ઝંખતા રહેવાનું... ગમે તેટલા પૈસા વાપરવા આપે, ગમે તેટલી સગવડ ઊભી કરે કે મિજાજ સાચવવાનો ગમે તેટલો પ્રયત્ન કરે તેમ છતાં જો પતિ શાંતિ ન પામી શકે તો એને માટે એ લગ્નજીવન અર્થહીન પુરવાર થાય છે. રસોઈ કરી આપવી, સગવડ સાચવવી, સંતાન ઉછેરવા કે ઘર ચોખ્ખું રાખવું એ કદાચ એટલાં મહત્ત્વનાં કાર્યો નથી, જેટલું અગત્યનું કામ પોતાનો મૂડ સારો રાખવાનું અને શાંતિ જાળવવાનું છે. પથારીમાં ગમે તેટલું સુખ આપતી પત્ની પણ જો કર્કશા હોય તો અંતે પુરુષ મુક્તિની દિશા જ શોધે છે.

હાર્ટઍટેક, બ્લડપ્રેશર, ડાયાબિટીસમાંથી બચવા માટે પુરુષ લગ્નેતર સંબંધનો આશરો લેતો હશે?

ઝઘડતી પત્ની કે પ્રેમિકા, શંકા કરતી પત્ની કે વાતે-વાતે અસલામતી અનુભવતી પ્રેમિકા... પુરુષ માટે સૌથી અઘરો અને મુશ્કેલ વિષય બની જાય છે. વળી આવો કકળાટ કે ઝઘડો સામાન્ય રીતે સ્ત્રી-પુરુષના સંબંધમાં એટલે કે સ્પાઉસ અથવા મૅન-વુમન રિલેશનશિપમાં જ થાય છે. દીકરી બાપ સાથે કે મા દીકરા સાથે આવો કકળાટ કરીને ઝઘડતી નથી (મોટેભાગે). એનું કારણ કદાચ સ્ટેટસનો ફરક હોઈ શકે.